(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

## ડીસાના ગાંધીચોક વિસ્તારમાં રોકડીયા હનુમાન મંદીરમાં ચોરી - પ્રજાનો પોલીસ પરથી ઉઠતો વિશ્વાસ

ડીસા શહેરમાં ચોરી,લૂંટ-ફાટ,મર્ડર,મારામારી,ચીલ ઝડપ, એ હવે જાહેરમાં થાય તો નવાઈ ની વાત નથી. આજે ડીસાના હાર્ટ સમાં ગાંધીચોક વિસ્તારમાં રોકડીયા હનુમાન મંદીરમાં ચોરી થતા ભાવિભક્તોની લાગણી દુભાઈ છે. ત્યારે હનુમાન મંદીરનો મેઈન દરવાજાનો નકુંચો કાપી દાનપેટી તોડી અંદરથી અંદાજે ૧૦ હજારથી ઉપરની રોકડ રકમ તથા બીજો દરવાજો તોડી અંદરથી હનુમાન દાદાનો મુકટ તથા કલગી ની ચોરી થવા પામેલ છે. જ્યારે ડીસામાં નવા આવેલ પી.આઈ આર.એમ.ભદોરીયા સાહેબ છાપ ઝાંબાજ પી.આઈ ની ધરાવે છે. આ સાહેબ કડક હોવા છતા અન્ય કર્મચારીઓને પણ વધુ ધ્યાન આપવા જણાવવું જોઈએ અને રાત્રી પેટ્રોલીંગ વધારવા માટેના પ્રયત્નો કરી ચોરી અને વધતી જતી ગુનાહીત પ્રવૃત્તિ રોકવા પ્રયત્નો કરવા જોઈએ તેવો જનમત છે.

## ખેડબ્રહ્મા તાલુકા તેમજ શહેરમાં વાહનોના કાચ પર ફિલ્મ પટ્ટી દૂર કરવા પોલીસનું ઉદાસીન વલણ

ખેડબ્રહ્મા, તા.૨૪

કોર્ટના આદેશથી વાહનોમાં લગાવાયેલી ડાર્ક ફિલ્મ પટ્ટી દૂર કરવા પોલીસતંત્રના આદેશ છતા તાલુકા તેમજ શહેર લોકો પ્રત્યેનું પોલીસનું ઉદાસીન વલણ જોવા મળી રહ્યું છે. મોટા ભાગના કાર વિલ્હર વાહનમાં ડાર્ક ફિલ્મ પટ્ટો લગાવેલી હોય છે. તેથી ગાડીની અંદર થતી હિલચાલ જોઈ શકાતી નથી. ગુનાહિત પ્રવૃત્તિ આચરતા તત્વો અંદર કોઈનું અપહરણ કે અન્ય પ્રવૃત્તિ કરતા હોય ત્યારે ડાર્ક ફિલ્મ પટ્ટીના કારણે ગાડીમાં શું થઈ રહ્યું છે અથવા શું લઈ જઈ રહ્યા છે તેની ખબર પડતી નથી. ગુનાખોરી રોકવા માટે અને ગુજરાતમાં આંતકવાદી ગુસ્યાના હાઈએલર્ટ પગલે સુપ્રીમ કોર્ટે ફિલમપટ્ટીને દૂર કરવાનો આદેશ કરાયો છે. જેનો અમલ રાજ્યની તમામ પોલીસ કરી રહી છે. જ્યારે ખેડબ્રહ્મા તાલુકા તેમજ શહેર પોલીસ દ્વારા હજુ સુધી ડાર્ક કાચ દૂર કરવાની પ્રક્રિયા આજદિન સુધી હાથ ધરાઈ નથી. આર.ટી.ઓ. નિયમોનું પાલન કરવામાં પોલીસ તંત્ર વર્ષોથી નિષ્ફળ નિવડ્યું છે. શહેરમાં નંબર પ્લેટ પર વિવિધ પ્રકારના લખાણ અને લોગો ચિપાયેલા અનેક વાહનો ફરી રહ્યા છે. પોલીસના અધિકારીઓની ગાડી પાછળ લોગો વિવિધ પ્રકારનું લખાણ ચિતરેલું જોવા મળી રહ્યું છે. ત્યારે પોલીસે કાળા કાચ દુર કરવાની સાથે નંબર પ્લેટો પર લખાણ ધરાવતા વાહનચાલકો વિરૂદ્ધ પગલા ભરવા જોઈએ તેવું લોકો ઈચ્છી રહ્યા છે. તેની જગ્યાએ તગડા હપ્તા લઈ પોલીસ કર્મીઓ ઉદાસીન વલણ અપનાવી રહ્યા છે તેની સત્વરે ઉચ્ચ અધિકારી તપાસ કરે.

## હડીયોલના ગ્રામજનોએ ગૌચર જમીન મેળવવા માટે રેલી યોજી આવેદનપત્ર આપ્યું

હિંમતનગર, તા. ૨૫

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર શહેરથી અંદાજે ૫ કિમી દૂર આવેલ હડીયોલ ગામના ગ્રામજનોએ શુક્રવારના રોજ મોટી સંખ્યામાં હિંમતનગર શહેરના ટાવર ચોકથી રેલી સ્વરૂપે સુત્રોચ્ચાર કરતા કરતા શહેરના વિવિધ માર્ગો પરથી જિલ્લા કલેક્ટર કચેરીએ પોલીસ

બંદોબસ્ત સાથે પહોંચી હતી. જ્યાં પોલીસે કોઈને અંદર આવેદન પત્ર આપવા જવા ન દીધા હતા અને પોલીસે કહેલ કે માત્ર પાંચ જણા આવેદનપત્ર આપી આવો જેથી ગામના સરપંચ કેતનભાઈ પટેલ અને અમરતભાઈ પંડ્યા સહીત પાંચ જણાએ હિંમતનગર તાલુકાના મામલતદાર રીન્કેશ પટેલને ૮૮ ગ્રામજનોની સહી સાથેનું આવેદન પત્ર આપ્યું હતું. જેમાં જણાવેલ કે હડીયોલ ગામના સર્વે નં. ૮૧૦ અને ૮૧૩/૧ના અગાઉ ગામતળમાં હતું પરંતુ સરકારશ્રીએ ઉપરોક્ત ગામતળ સરકાર હેડે લઈ સરકારમાં ભેરવી દીધેલ છે ઉપરાંત ૮૧૨/૨ના અનુસૂચિત જનજાતિના ગામતળમાં ફાળવેલા પ્લોટો યથાવત રાખવા અને અમારા ગામમાં મોટાભાગે ખેડૂતો છે અને પશુધન ધરાવીએ છીએ જે પશુધન માટે ગૌચરની જમીન ઓછી હોય તેથી અમોને ઉપરોક્ત સર્વે નં. ગૌચર હેડે પરત આપવા અમારા ગ્રામજનોની માંગણી છે અને જો માંગણી સંતોષવામાં નહિ આવે તો ૩૧મી ઓગષ્ટને શુક્રવારના રોજ અથવા જ્યારે પણ સરકારશ્રી આ ઉપરોક્ત સર્વે નંબરોમાં જે કાઈ હિલચાલ કરશે તે વખતે ગામના તમામ ગ્રામજનો એક સાથે ઉપરોક્ત સર્વે નંબરના સ્થળ ઉપર અહિંસક આંદોલનના ભાગરૂપે ધરણા કરવા સારૂ આપ સાહેબશ્રીને આવેદનપત્ર આપીએ છીએ. આ બાબતની ગ્રામજનોની રક્ષણની તમામ જવાબદારી સરકારશ્રીની રહેશે. આ અંગે ગામના સરપંચ કેતનભાઈ પટેલ અને જમીન માટે આંદોલન કરી રહેલા અમૃતભાઈ પંડ્યાએ જણાવેલ કે આ સર્વે નંબર પરત લેવા માટે ગામ લોકો ચૂંટણીનો બહિષ્કાર પણ કરશે અને વિવિધ કાર્યક્રમો પણ કરાશે.

## બનાસકાંઠાના ખોડા ચેકપોસ્ટથી દારૂ ભરેલી ટ્રક ઝડપાઈ

(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ડીસા, તા. ૨૫

બનાસકાંઠા જિલ્લાની ખોડા ચેકપોસ્ટ પર થઈને રાજસ્થાનમાંથી વર્ષે દહાડે લાખો રૂપિયાનો વિદેશી દારૂ ગુજરાતમાં ઠલવાઈ રહ્યો છે. જેમાં શનિવારે થરાદ પોલીસે બાતમીના આધારે ખોડા પાસે નાકાબંધી ગોઠવી ૭૯૫ પેટી વિદેશી દારૂ ભરેલી ટ્રક સાથે બે ઈસમોને જેલના સળીયા પાછળ ધકેલી દીધા છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ રાજસ્થાનમાંથી ગુજરાત તરફ પરપ્રાંતિય દારૂ ભરીને એક ટ્રક આવી રહી હોવાનું બાતમી મળતા પી.એસ.આઈ. ધાકડા સહિતના પોલીસ ટીમે ખોડા પાસે વોચ ગોઠવી હતી. આ દરમિયાન સાંચોર તરફથી આવી રહેલ ટ્રક નં. આર.જે.-૧૬-જીજે-૨૫૫૮ ને અટકાવી તલાસી લેતા તેમાંથી ૭૯૫ પેટી વિદેશી દારૂ કિં. રૂ. ૧૩ લાખ અને ટ્રક કિં. રૂ. ૧૫ લાખ મળી કુલ ૨૮ લાખના મુદ્દામાલ સાથે ચેનારામ બિશ્નોઈ અને અશોક મહેશ ખલાસી (બન્ને રહે કરવડી સાંચોર રાજસ્થાન) ની અટકાયત કરી તેમના વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## મોડાસા ખાતે ગરીબ કલ્યાણ મેળામાં શિક્ષણ મંત્રી રકમ ભૂલ્યા

મોડાસા, તા. ૨૫

**મોડાસા ખાતે યોજાયેલ ગરીબ કલ્યાણ મેળામાં શિક્ષણમંત્રી રમણલાલ વોરાએ કેન્દ્ર સરકારની ઝાટકણી કાઢતા ઉતાવળમાં બે મીંડા ભુલાઈ જતા મોડાસાના ભાજપના કાર્યકર્તાઓ અને જનમેદની પોતાની હસી રોકી શક્યા ન હતા. શિક્ષણમંત્રીની આવી ભૂલથી લોકો અચંબામાં પડી ગયા હતા.**

ગુજરાત સરકાર દ્વારા ગરીબોને હાથોહાથ સહાય ચુકવવાની યોજના હેઠળ ગરીબ કલ્યાણ મેળામાં મોડાસા ખાતે શિક્ષણમંત્રી રમણલાલ વોરાએ રૂ. ૧૫,૦૦૦ કરોડ કેન્દ્ર સરકાર આપણી પાસેથી લઈ જાય છે, તેમ કહેવાને બદલે ઉતાવળમાં મંત્રીએ બફાટમાં રૂ. ૧૫૦ કરોડ બોલતા કાર્યકરો તેમજ લોકોમાં હાસ્યની છોળો ઉડી હતી. કાર્યકર્તાઓમાં શિક્ષણમંત્રીનું ધ્યાન કેવી રીતે દોરવું તેની ચિંતામાં જણાતા હતા. શિક્ષણમંત્રી જો જાહેરસભામાં પોતાના વક્તવ્યમાં આવી મોટી ભુલ કરે તો તે કેટલા અંશે વાજબી ગણાય કે નહિ તે જોવું રહ્યું.

## હિંમતનગરમાં યુવા વર્ષ નિમિત્તે વ્યાખ્યાન યોજાયું

હિંમતનગર, તા. ૨૫

યુવા વર્ષ-૨૦૧૨ની ઉજવણીના ભાગરૂપે ખેડબ્રહ્મા સરકારી તાલુકા પુસ્તકાલય દ્વારા સ્વામી વિવેકાનંદજીના જીવનકવન પર વ્યાખ્યાન યોજાયું હતું.

સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મ જયંતિ 'યુવા વર્ષ-૨૦૧૨'ની ઉજવણીના ભાગરૂપે ગત રોજ ખેડબ્રહ્મા સરકારી તાલુકા પુસ્તકાલય દ્વારા સ્વામી વિવેકાનંદ કેન્દ્ર કન્યા કુમારીના અગ્રમી નલીનભાઈ પંડ્યાએ સ્વામીજીના જીવન કવન અને વિચારો પર આધારિત અભ્યાસપૂર્ણ વ્યાખ્યાન આપ્યુ હતુ. આ પ્રસંગે રાજ્ય ગ્રંથપાલ નિયામક ડૉ. પ્રદિપ આઝાદે પોતાની આગવી શૈલીમાં સ્વામી વિવેકાનંદ વિશે પોતાના વિચારો વ્યક્ત કરી રાજ્યના ગ્રંથાલયોમાં સ્વામી વિવેકાનંદને લગતા કાર્યક્રમોનું આયોજન અને ગ્રંથાલય પ્રવૃત્તિનો ખ્યાલ આપ્યો હતો. અમદાવાદ વિભાગના મદદનીશ ગ્રંથાલય નિયામક એન.એમ. ચૌહાણે ખેડબ્રહ્માની માહિતી આપી સૌ મહાનુભાવોનું ઉષ્માભર્યુ સ્વાગત કર્યુ હતુ. અંતમાં આભારવિધિ જિલ્લા ગ્રંથપાલ વી.એન. પડવારાએ કરી હતી.

## હિંમતનગરમાં ૪થી જનરલ લોક અદાલત યોજાઈ

હિંમતનગર, તા.૨૫

ગુજરાત રાજ્ય કાનુની સેવા સત્તા મંડળ, ગુજરાત હાઈકોર્ટ, સોલા, અમદાવાદના ઉપક્રમે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, સાબરકાંઠા, હિંમતનગરના અધ્યક્ષ અને પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ બી.એન. કારીયાના માર્ગદર્શન હેઠળ સમગ્ર જિલ્લાના તમામ બાર એસોસીએશનના સહયોગથી સને ૨૦૧૨ની ચોથી જનરલ લોક અદાલતની ઉજવણીના ભાગરૂપે તારીખ ૨૫મી ઓગષ્ટ ૨૦૧૨ને શનિવારના રોજ જિલ્લા/તાલુકાની તમામ અદાલતોમાં સવારના ૧૦.૩૦ કલાકથી કાર્ય સમાપન સુધી લોક અદાલતો યોજવામાં આવી હતી. જિલ્લા કક્ષાએ હિંમતનગર, મોડાસા, તથા ઈડર જયુરીડીકશનની એપેલેટસ કોર્ટના સંયુકત ઉપક્રમે યોજવામાં આવેલ આ લોક અદાલતના ઉદઘાટન સમારોહમાં સૌ પ્રથમ પ્રાર્થનાથી શરૂઆત કરી, દિપ પ્રાગટય કરી મંચસ્થ બિરાજમાન મહાનુભાવો દ્વારા સદર લોક અદાલત સફળ થાય તવી શુભ કામનાઓ પાઠવવામાં આવી હતી. અધ્યક્ષ અને પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ એન્ડ સેશન જજ બી.એન. કારીઆ સાહેબે સદર લોક અદાલતના આ રાષ્ટ્રિય કાર્યમાં વધુને વધુ કેસો સમાધાનકારી વલણથી નિકાલ થાય અને તેનું સુખદ પરિણામ આવે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી. આ તબક્કે જિલ્લાના એપેલેટસ જજશ્રીઓ, બાર એસોસીએશનના હોદ્દેદારો તથા સભ્યો, જિલ્લા સરકારી વકીલો તથા પક્ષકારોના તમામ વકીલો અને વીમા કંપનીઓના અધિકારીઓ હાજર રહ્યા હતા.

## માણસા ખાતે યોજાયેલ ગરીબ કલ્યાણ મેળામાં ૩૧૩૬ લાભાર્થીઓને રૂ. ૭૯૪.૦૯ લાખની વિવિધ સાધન - સહાયનું વિતરણ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લાનો -ંત કક્ષાનો -થમ ગરીબ કલ્યાણ મેળો આજરોજ ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ રાજય મંત્રી શ્રી સૌરભભાઈ પટેલની ઉપસ્થિતિમાં ગાયત્રી મંદિર સંકુલ, માણસા ખાતે યોજાયો હતો. આ ગરીબ કલ્યાણ મેળામાં મંત્રી શ્રી સૌરભભાઈ પટેલના હસ્તે કલોલ અને માણસા તાલુકાના ૩૧૩૬ લાભાર્થીઓને રૂપિયા ૭૯૪.૦૯ લાખની વિવિધ સાધન-સહાય અને ચેકનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં માણસા તાલુકાના ૧૬૯૮ લાભાર્થીઓને રૂપિયા ૫૪૪.૪૩ લાખની સહાય અને કલોલ તાલુકાના ૧૪૩૮ લાભાર્થીઓને રૂપિયા ૨૪૯.૬૬ લાખની સાધન-સહાયનું હાથોહાથ વિતરણ કરવામાં આવ્યું હતું. આ મેળામાં કલોલના ૩૫૨ અને માણસાના ૨૩૩ લાભાર્થીઓ મળીને કુલ- ૫૮૫ લાભાર્થીઓને વિવિધ આવાસ યોજનાઓ અંતર્ગત રૂપિયા ૧૧૭.૬૧ લાખની સહાય ચુકવવામાં આવી હતી.

આ -સંગે જિલ્લા કલેકરટ શ્રી પી. સ્વરૂપે મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. ઉપસ્થિત સર્વે લાભાર્થીઓને રાજય સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલા ગરીબ કલ્યાણ મેળા પાછળના ઉમદા આશયથી વાકેફ કર્યા હતા.આ -સંગે રાજયના મુખ્ય મંત્રી શ્રી નરેન્દરભાઈ મોદીએ લાભાર્થીઓ સાથે વિડિયો કોન્ફરન્સ દ્વારા સીદ્યો સંવાદ કર્યો હતો. રાજય સરકારાની યોજનાઓનો લાભ લેનાર લાભાર્થીઓએ પોતાના મુખે રાજય સરકારની યોજનાની વાત કરી હતી.

આ -સંગે ગુજરાત રાજય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડના ચેરમેન શ્રી વાડીભાઈ પટેલ, ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળના ચેરમેન શ્રી અશોકભાઈ ભાવસાર, સમાજ કલ્યાણ વેલફેર બોર્ડના ચેરમેન શ્રી હેમલત્તાબેન બારોટ, જિલ્લા -ભારી સચિવ શ્રી સંજય -સાદ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી એમ.એ.ગાંદ્યી, ગાંદ્યીનગર જિલ્લા ભાજપ -મુખ શ્રી શકુંતલાબેન પટેલ, માણસા તાલુકા પંચાયત -મુખ શ્રી જાગૃતિબેન પટેલ, માણસા નગર પાલિકા -મુખ શ્રી જીવણભાઈ પટેલ, કલોલ નગરપાલિકા -મુખ શ્રી -હલાદભાઈ પટેલ, કલોલ તાલુકા ભાજપ -મુખ શ્રી બળદેવજી ઠાકોર સહિત મોટી સંખ્યામાં લાભાર્થીઓ અને તાલુકા વાસીઓ ઉપસ્થિત રહયાં હતાં.

## સાબરકાંઠા જિલ્લા નાયી સમાજની બેઠક યોજાઈ

હિંમતનગર, તા.૨૫

સાબરકાંઠા જિલ્લા અડાઠમ જય નાયી સમાજની કારોબારી સભ્યોની જનરલ બેઠક લિંબચમાતાની વાડી હિંમતનગર ખાતે યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં જ્ઞાતિબંધુઓ હાજર રહ્યા હતા. હિંમતનગર લિંબચધામ ખાતે મળેલી સાધારણ બેઠકમાં નાયી સમાજના પ્રમુખ તેમજ અન્ય કારોબારીના સભ્યોની નિમણુંક કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે ફતેપુરા ગામના મોહનભાઈ નાયીની બિનહરીફ વરણી કરવામાં આવી હતી.


ટચૂકડી જાહેર ખબર

સાંઈ દર્શન શિરડી શનિદેવ

અમદાવાદથી દર શુક્રવારે તથા દર મંગળવારે ૨X૨ લકઝરી બસ ઉપડે છે. રહેવા-જમવા સાથે શ્રાવણ/અધિક માસમાં મહારાષ્ટ્ર પાંચ જ્યોતિર્લીંગ દર્શન

સાઈરથ ટ્રાવેલ્સ

જીતુભાઈ

મો. : ૯૪૨૬૩ ૮૪૧૮૫

અટળક નાણાં કમાઓ

વિદ્યાર્થી, ગૃહિણી, રીટાયર્ડ, અભણ, દિવસના ૨/૪ કલાક કામ કરીને ૭ દિવસના રૂ. ૬૦,૦૦૦/- સુધી કમાઓ

મો. : ૯૦૩૩૨૩૨૧૬૩

(અમૂલ્ય તક ૧૦૦%)



**ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ**

"વિદ્યાયન", સેક્ટર-૧૦-એ, ગાંધીનગર

**ટેન્ડર નોટીસ**

ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગરની મુખ્ય કચેરી, સેક્ટર-૨૫ ગોડાઉન અને સ્ટાફ ક્વાટર્સ, સેક્ટર-૨૪ ખાતે સફાઈ કામગીરી માટે હાઉસ કીપીંગનો વાર્ષિક કોન્ટ્રાક્ટ આપવાનો છે. આ કામગીરીમાં રસ ધરાવતી એજન્સીઓ પાસેથી બે પ્રકારના અલાયદા સીલબંધ કવરમાં ટેકનીકલ અને કોમર્શીયલ બીડ તા. ૧૪-૯-૨૦૧૨. બપોરના ૧૫-૦૦ કલાક સુધીમાં અત્રેની કચેરીની વહીવટી શાખામાં રજૂ કરવા જણાવવામાં આવે છે. રજૂ થયેલ ટેકનીકલ બીડ તા. ૧૫-૯-૨૦૧૨ બપોરના ૧૨.૦૦ કલાક અનો કોમર્શીયલ બીડ તા. ૧૫-૯-૨૦૧૨ બપોરના ૧૫-૩૦ કલાકે ખોલવામાં આવશે. ટેન્ડર ફી રૂ. ૧૦૦૦/- (નોન રીફંડેબલ) રોકડેથી કચેરી સમય દરમિયાન તેમજ જાહેર રજાના દિવસો સિવાય જમા કરાવેથી કોરા ટેન્ડર ફોર્મ તા. ૭-૯-૨૦૧૨ સુધી આપવામાં આવશે.

માહિતી/૧૧૬૩/૧૨-૧૩ — નિયામક



**ગુજરાત મેરીટાઈમ બોર્ડ**

**ઓનલાઈન ટેન્ડરની જાહેર નિવિદા નં.૧૧ / ૨૦૧૨-૧૩**

કાર્યપાલક ઈજનેર (બાં) ઈજનેર વિભાગ-૨, ગુજરાત મેરીટાઈમ બોર્ડ, એરફોર્સ સામે, સેક્ટર-૧૦એ, ગાંધીનગર (ફોન નં. ૨૩૨૩૮૩૪૬) દ્વારા નીચેના કામો માટે ઓનલાઈન ભાવપત્રક માંગવામાં આવે છે.

| અનું | કામનું નામ | (૧) અંદાજીત રકમ (૨) શ્રેણી (૩) ઈ.એમ.ડી. |
|---|---|---|
| ૧. | ઈમ્પ્રુવમેન્ટ એન્ડ સ્ટ્રેન્ધનીંગ ઓફ એલીવેશન ઓફ જીએમબી કોમ્પલેક્ષ એટ ગાંધીનગર | (૧) રૂ. ૨,૨૪,૪૩,૦૬૫.૦૦ (૨) "બી" અને ઉપર (૩) ૨,૨૫,૦૦૦.૦૦ |

ટેન્ડર ડોક્યુમેન્ટ તા. ૨૨/૮/૨૦૧૨થી વેબસાઈટ www.gmbnprocure.com પરથી ઉપલબ્ધ થશે. ઓનલાઈન સબમીશનની છેવટની તા. ૧૫/૯/૨૦૧૨, ૧૮.૦૦ કલાક સુધી. પ્રિ બીડ મીટીંગ તા. ૩૦/૮/૨૦૧૨ના ૧૬.૦૦ કલાકે વધુ વિગત માટે પ્રસ્તુત વેબસાઈટ પર સંપર્ક કરવા વિનંતી. ટેન્ડર ફી રૂ. ૩૬૦૦/-, વધુ વિગતો તથા શરતો માટે ઉપરોક્ત કચેરીનો રૂબરૂ સંપર્ક સાધવા અથવા www.gmbport.org વેબસાઈટ અચૂક જોવા વિનંતી.

માહિતી/૧૧૫૭/૧૨-૧૩



ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન



ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ

સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ

Nirmala Tyres

Authorised DEALER : CEAT, APOLLO TYRES

CEAT TYRES — APOLLO TYRES

ઉપલબ્ધ સેવાઓ :

- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.

રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે

એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.

૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.

ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૫૨૮



A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of

**Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles**
**Aquart | Wall Cladding | Marble Stone * Quartz**

and a wide range of vivid pattern with extinguish combinations.

એક્સક્લુસિવ શો-રૂમ

asian TILES WORLD — Radhe ENTERPRISE

F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601